હવે ખેડૂત પોતાનો પાક ઘર બેઠા જ વેચી શકશે

મહેસાણાની દૂધસાગર ડેરીની મોટી પહેલ : ખેડૂતો પાસેથી ઘઉં, ચણા, કઠોળ સહિતના ઓર્ગેનિક પાકની કરશે ખરીદી

મહેસાણા, તા.૧૨

મહેસાણાની દૂધસાગર ડેરીની વધુ એક મોટી પહેલ કરી છે. ખેડૂતોના હિતમાં દૂધસાગર ડેરીએ મોટું એલાન કર્યું છે. ખેડૂતોના ઓર્ગેનિક પાક દૂધસાગર ડેરી ખરીદશે. દૂધસાગર ડેરી હવે ખેડૂતો પાસેથી ઘઉં, ચણા, કઠોળ સહિતના ઓર્ગેનિક પાકની ખરીદી કરશે. ડેરી સંઘના કાર્યક્ષેત્રમાં આવતા તમામ ખેડૂતો પાસેથી ખરીદી કરવામા આવશે. ખેડૂતોએ અગાઉથી ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવવું પડશે. પાકની વિગત અને અપેક્ષિત ભાવની વિગત દર્શાવવાની રહેશે. રજિસ્ટ્રેશન બાદ ડેરી ખેડૂતનો પાક ઘરે બેઠા ખરીદશે. દૂધસાગર ડેરીની આ પહેલ પ્રશંસનીય બની રહેશે. એક તરફ પ્રધાનમંત્રી જૈવિક ખેતી તરફ વળવા ખેડૂતોને આહવાન કરી રહ્યાં છે. ત્યારે હવે ખેડૂતોના પાકને યોગ્ય ભાવ મળે અને ઓર્ગેનિક ખેતી તરફ ખેડૂતો આકર્ષાય તે દૂધસાગર ડેરીએ મોટી જાહેરાત કરી છે. મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના કાર્યક્ષેત્રમાં આવતા ખેડૂતોના ઓર્ગેનિક પાક હવે દૂધસાગર ડેરી ખરીદશે. જેમાં ખેડૂતો પાસેથી ઘઉં, ચણા, કઠોળ સહિતના ઓર્ગેનિક પાકની ખરીદી કરવામાં આવશે.

મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જયંતીના ઉપક્રમે દિલ્હીના ગાંધી સ્ટેડિયમ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા પ્રધાનમંત્રીશ્રીને મહર્ષિ દયાનંદ સરસ્વતીનાં વાસ્તવિક ચિત્રો અને સન્માન પત્ર ભેટ કરવામાં આવ્યું હતું.

અર્થતંત્રમાં ખેડૂતોનું મહત્વ હોવાથી તેમના સંતાનોને અનામત આપો

ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઇ હિરપરા દ્વારા કૃષિ મંત્રીને ખેડૂતો-પશુપાલકોના સંતાનોને યુનિવર્સિટીમાં અનામત આપવા કરી રજૂઆત

ગાંધીનગર, તા.૧૨

ભાજપ કિસાન મોરચાના મહામંત્રીએ રાજ્ય સરકાર પાસે ખેડૂતોના સંતાનો માટે અનામતની માંગ કરી છે. તેઓએ એગ્રિકલ્ચર યુનિવર્સિટીમાં ખેડૂત સંતાનો માટે અનામત માટે માંગ કરી છે. તેઓએ પત્ર લખી યુનિવર્સિટીમાં ૭૦ ટકા બેઠક અનામત રાખવા સૂચવ્યું છે. સાથે જ વેટરિનરી અભ્યાસક્રમમાં પશુપાલકોના સંતાનો માટે અનામતની માંગ કરી છે. આમ, તેઓએ ખેડૂતો અને પશુપાલકોના સંતાનોને પરંપરાગત વ્યવસાય સાથે જોડી રાખવા માંગ કરી છે.

પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઇ હિરપરા દ્વારા કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલને આ રજૂઆત કરી છે. જેમાં જણાવ્યુ છે કે, દેશના અર્થતંત્રમાં ગુજરાતના ખેડૂતો અને પશુપાલકો એટલે કે ખેતી અને ડેરી વ્યવસાયનું મહત્વનું યોગદાન રહેલું છે. તેથી રાજ્યમાં ૬૦ ટકાથી વધારે સંખ્યા આજે પણ ખેતી સાથે જોડાયેલી છે.

ખેડૂતોના સંતાનો ખેતી સાથે જોડી રાખવા રાજ્યના ખેડૂતોના સંતાનો માટે એગ્રીકલ્ચરના ડિપ્લોમા અને ડિગ્રીના અભ્યાસક્રમોમા ૭૦ ટકા સીટ અનામત રાખવા માટે ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ રજૂઆત કરી છે.

હાલ રાજ્યમાં એગ્રીકલ્ચરના વિવિધ અભ્યાસક્રમોમાં લગભગ ૪૦ હજાર જેટલી સીટ છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીમા આ સીટોમાં વધારો કરવાની માંગણી હિરપરા દ્વારા કરાઈ છે. તો રાજ્યમાં પશુપાલન વ્યવસાય પણ ખૂબ મોટો છે. ખેતી સાથે જોડાયેલ પશુપાલન વ્યવસાય સાથે પરિવારોના સંતાનો રાજ્યમા વેટરનરી અભ્યાસક્રમોમાં અંદાજે ડિપ્લોમા અને ડિગ્રી જેવા ૧૩૦૦ જેવી સીટ છે. આ સીટોમા વધારો કરવા માટે અરજી કરાઈ.

પોલીસની ઓળખ આપી લૂંટારૂઓ ૩ લાખ લઈને ફરાર

વલસાડમાં દીકરા સાથે જતી ગરીબ મહિલા સાથે ઠગાઇ : વલસાડ જિલ્લા પોલીસે લૂંટારૂ ટોળકીને પકડી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે

વલસાડ,તા.૧૨

વલસાડના પારડી ખડકી નજીક નેશનલ હાઈવે પર પોલીસની ઓળખ આપી એક શ્રમજીવી માતા પુત્ર પાસેથી અંદાજે ૩ લાખ રૂપિયા ની લૂંટ ચલાવી મોપેડ સવાર ૩ શખ્સો ફરાર થઈ ગયા છે. વતનમાં દીકરીના લગ્ન પ્રસંગ માટે જઈ રહેલો શ્રમજીવી પરિવાર ઘરે પહોંચે એ પહેલાં જ લૂંટનો ભોગ બન્યો છે. બનાવની જાણ થતાં વલસાડ જિલ્લા પોલીસે લૂંટારૂ ટોળકીને પકડી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ વલસાડ ના પારડી તાલુકા ના ખડકી નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર વાપીના બલિઠાથી બાઈક પર ડભોઈ જઈ રહેલા માતા-પુત્રને બ્રિજ પાસે બાઈક સવાર ૩ શખ્સોએ અટકાવ્યા હતા. જે બાદ તેમને પોતે પોલીસ હોવાની ઓળખ આપીને લૂંટનો ભોગ બનેલા યુવક પાસે હેલમેટ અને લાયસન્સની માગણી કરવામાં આવી હતી. આ દરમિયાન એક શખ્સ યુવકના માતા જશીબેન વાડીના હાથમાં રહેલો થેલો ઝૂંટવી લીધો હતો.

જશીબેનના હાથમાંથી જે થેલો લઈ લેવામાં આવ્યો હતો તેમાં રોકડ રૂપિયા ૩ લાખ હતા. પોલીસની ખોટી ઓળખ આપનારા શખ્સો લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મહિલાએ જણાવ્યું કે તેઓને લાગ્યું કે તેમનું બાઈક જે શખ્સોએ રોક્યું છે તેઓ પોલીસ છે તો પછી તેમનો સામાન લઈને ભાગી થોડા જવાના છે. પરંતુ આરોપીઓ તેમની પાસેથી રૂપિયા મૂકેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા.

જશીબેન વાડી નામની મહિલા લગ્ન પ્રસંગ માટે વત્તન જઈ રહી હતી. જેને લઈને ડભોઈ ખાતે વાપી ના બલિઠાથી અન્ય

અધિકારીઓ પાસેથી માહિતી એકઠી કરવા સાયબર ઠગોનો નવો પેંતરો

સરકારી ઈ-મેઈલ આઈડી બનાવી માગી વિગતો : IPCની વિવિધ કલમો હેઠળ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો

અમદાવાદ, તા.૧૨

સાયબર ફ્રોડના કિસ્સાઓમાં પાછલા વર્ષોમાં વધારો થયો છે. લોકો સાથે ઓનલાઈને છેતરપિંડી કરીને તેમના બેંક અકાઉન્ટમાંથી લાખો રૂપિયા સેરવી લેવા સાયબર ઠગો જાતજાતના પેંતરા અજમાવતા રહે છે. ક્યારેક કોઈ અજાણી લિંક પર ક્લિક કરાવીને તો ક્યારેક સિમ કાર્ડ ક્લોન કરીને લોકોના બેંક અકાઉન્ટમાંથી રૂપિયા કાઢી લે છે. આવા સાયબર ઠગ જલ્દી પોલીસના હાથમાં પણ ચડતા નથી. સામાન્ય લોકોથી માંડીને સેલિબ્રિટીઝ પણ સાયબર ફ્રોડનો શિકાર થયા હોય તેવી ઘટનાઓ સામે આવી ચૂકી છે. હાલમાં જ એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જ્યાં સાયબર ધૂતારાઓએ સરકારી અધિકારીઓ તરીકે ઓળખ આપીને અન્ય અધિકારીઓનો અંગત ડેટા હસ્તગત કર્યો હતો. નકલી ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને સાયબર ધૂતારાઓએ આ ફ્રોડ કર્યો હતો.

સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સો સામે છેતરપિંડી તેમજ ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી છે. કોન્સ્ટેબલ અશ્વિનકુમાર વીરજીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું કે, પોલીસને બાતમી મળી હતી કે, એક શખ્સ ps-crm-cyb@ gujarat. gov.in ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને અધિકારીઓ પાસેથી અંગત માહિતી લઈ રહ્યો છે.

ઈ-મેઈલના ટેક્નિકલ એનાલિસિસ પરથી જાણકારી મળી કે, આરોપીએ ડેટા રિટ્રીવ કરવાનો બિનસત્તાવાર એક્સેસ મેળવી લીધો હતો અને આ ડેટાનો ઉપયોગ બાદમાં તે નાણાંકીય ઠગાઈ કરવા માટે કરત તેવો અંદાજો છે, તેમ ફરિયાદમાં જણાવાયું છે.

સાયબર ક્રાઈમના ઓફિસરોએ જણાવ્યું કે, આ ઈ-મેઈલ આઈડી પરથી મોકલાયેલા વિવિધ મેઈલની તેઓ વિગતો એકત્ર કરી રહ્યા છે. હાલ કેસની તપાસ ચાલી રહી હોવાથી ઓફિસરોએ વધુ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો.

આરોપીઓ સામે આઈપીસીની કલમો ૪૬૫ (બનાવટ), ૪૬૮ (બનાવટના ઈરાદાથી છેતરપિંડી) અને ૪૭૧ (બનાવટી દસ્તાવેજ કે ઈલેક્ટ્રીક રેકોર્ડને અસલી તરીકે દર્શાવીને રજૂ કરવો) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સાથે જ ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગુજરાતી લેખક પન્નાલાલ પટેલની આત્મકથાની અંગ્રેજી આવૃત્તિ 'ફાઈન્ડિંગ ગટ્ટુ'નું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન

રાજ્યને જ્ઞાનપીઠ એવોર્ડનું બહુમાન અપાવનાર પન્નાલાલ પટેલના વિરલ વ્યક્તિત્વ વિશે આજની યુવા પેઢી આ પુસ્તક થકી સુપેરે અવગત થશે : મુખ્યમંત્રી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે પ્રસિદ્ધ ગુજરાતી લેખક અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી પન્નાલાલ પટેલની આત્મકથાની અંગ્રેજી આવૃત્તિ 'ફાઈન્ડિંગ ગટ્ટુ' નું વિમોચન કર્યું હતું. આ પુસ્તક પન્નાલાલ પટેલનાં દોહિત્રી નતાશા પટેલ નેમા દ્વારા તેમની ગુજરાતી આત્મકથાનું અંગ્રેજીમાં કરાયેલું રૂપાંતર છે.

આ પુસ્તક વિમોચન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્ષમ નેતૃત્વમાં હર હંમેશ સાહિત્યકારો, કલાકારો અને કલાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીએ આપણને સૌને 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'નો કાર્ય મંત્ર આપ્યો છે ત્યારે જે લોકો પ્રયાસ કરતા હોય અને આગળ આવવા માટે તત્પર હોય તેમની સાથે ઊભા રહેવા માટે અને તેમને જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

આ પુસ્તક વિમોચન પ્રસંગે લેખિકા શ્રી નતાશા પટેલ નેમાએ જણાવ્યું હતું કે, તેમના દાદાની આત્મકથા 'જિંદગી સંજીવની' વાંચીને તેમને આજની યુવા પેઢી સુધી પન્નાલાલ પટેલના જીવનની અજાણી વાતોને અંગ્રેજીમાં પહોચાડવાનો વિચાર આવ્યો અને તેમણે આ પુસ્તક તૈયાર કર્યું. ઘરઘાટીનું કામ કરવાથી લઈને જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત કરવા સુધીની તેમના દાદાની આ સફર ખરેખર યુવા પેઢી માટે પ્રેરણાદાયી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ પુસ્તક વિમોચન પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, આ પુસ્તકમાં લેખિકાના વિચારો અને શ્રી પન્નાલાલ પટેલના જીવનની પ્રામાણિકતા અને પારદર્શિતાનું તાદેશ નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખિકાએ આ પુસ્તકમાં પન્નાલાલ પટેલના જીવન પ્રસંગો, તેમના જીવનમાં આવેલા વિવિધ પાત્રો સહિત તેમના મિત્રો અને માર્ગદર્શકોને આગવા અંદાજમાં વર્ણવ્યા છે. આ પુસ્તક વિમોચન પ્રસંગે પન્નાલાલ પટેલના પરિવારના સભ્યો શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી મનીષા લવકુમાર તથા અન્ય સભ્યશ્રીઓ, નરોડાના ધારાસભ્યશ્રી ડો. પાયલ કુકરાની સહિત સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સીરિયા અને તુર્કીમાં આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ અનેક વિસ્તારો તબાહ થઈ ચૂક્યા છે. જમાલપુર દરવાજા પાસે મુસ્લિમ સમાજ દ્વારા ભૂકંપમાં મૃત્યુ પામેલ દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

રાજકોટમાં અસામાજિક તત્વોએ જાહેરમાં જન્મદિવસ ઉજવ્યો

રાજકોટ,તા.૧૨

રાજકોટમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. અસામાજિક તત્વો પોલીસ પર હુમલો કરવા કે પોલીસ સાથે ઘર્ષણ કરતા હોય તો સામાન્ય લોકોની શું સ્થિતિ થતી હશે. શહેરના સ્વામિનારાયણ ચોકમાં જાહેરમાં અમુક તત્વો પોતાના જન્મદિવસની ઉજવણી કરતા હતા ત્યારે પોલીસે રોકવાનો પ્રયાસ કરતા પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં નવ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે જેમાંથી બે મહિલા સહિત ચાર લોકોની ધરપકડ કરી છે.

રાવણ લખેલી બ્લેક ફિલ્મ વાળી કાર રાજકોટના સ્વામી નારાયણ ચોકના હિસ્ટ્રીશિટરોની છે. જેનો માલિક રોકી ઉર્ફે વિશાલ જોશી છે. શનિવારના રોજ વિશાલ જોશીનો જન્મદિવસ હતો, ત્યારે સ્વામિનારાયણ ચોકમાં આઠથી નવ શખ્સો દ્વારા રોડ પર કાર રાખીને જન્મદિવસની ઉજવણી કરતા હતા ત્યારે માલવીયા નગર પોલીસને જાણ થઈ ત્યારે પોલીસ અહીં પહોંચીને આ શખ્સોને રોકવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે આ શખ્શોએ પોલીસ સાથે ખરાબ વર્તન કરી અને પોલીસ સાથે જપાજપી કરી હતી.

વ્યાજખોર દંપતીએ ૧૦ના બદલે ૧૮ લાખ માગી ધમકી આપી

મહિલાએ વ્યાજખોર દંપતી સામે નોંધાવી ફરિયાદ : મહિલાએ ૩ ટકા વ્યાજે વ્યાજખોર દંપતી પાસેથી ૩ લાખ લીધા હતા : મહિલાએ સુરક્ષા માટે મકાન આપ્યું હતું

અમદાવાદ, તા.૧૨

સોલા પોલીસે એક દંપતી વિરુદ્ધ એક મહિલાને કથિત રીતે ગોળી મારવાની અને ધમકી આપવાના આરોપમાં ફરિયાદ નોંધી છે. પીડિત મહિલાએ ત્રણ ટકાના વ્યાજે ૧૦ લાખ રુપિયા લીધા હતા. સુનિતા પંચાલે દિપક પટેલ અને તેની પત્ની અંજના વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં એવા આક્ષેપ કરવામાં આવ્યા છે કે, તેનો નાનો ભાઈ કનુ એક વ્યવસાયમાં ભાગીદાર હતો. બિઝનેસમાં રોકાણ કરવા માટે તેણે ૨૦૨૦માં ૧૦ લાખ રુપિયા દિપક અને અંજના પાસેથી ઉધાર લીધા હતા. આ રુપિયા દર મહિને ત્રણ ટકાના વ્યાજે લેવામાં આવ્યા હતા અને સુરક્ષા તરીકે ન્યૂ રાણીપમાં આવેલું પોતાનું ઘર આપ્યું હતું.

ફરિયાદમાં એવા પણ આક્ષેપો કરવામાં આવ્યા છે કે, દર મહિને ૩૦ હજાર રુપિયા તે વ્યાજ તરીકે ચૂકવતા હતા અને ૬ લાખ રુપિયા પણ ચૂકવી દીધા હતા. પંચાલે ફરિયાદમાં એવું પણ કહ્યું છે કે, છેલ્લાં ત્રણ મહિનાથી તે વ્યાજ ચૂકવવામાં અસમર્થ હતી. ફરિયાદમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, દિપક અને અંજનાએ તેને ફોન કરીને ધમકી આરી હતી કે જો તેમને ૧૮ લાખ રુપિયા આપવામાં નહીં આવે તો તેનું ઘર વેચી દેશે. અંજના તેને મોટાભાગે ફોન કરતી હતી અને કહેતી હતી કે વ્યાજ અને મૂળ રકમની સાથે તેની બાકીની રકમ ૧૮ લાખ રુપિયા છે.

સુનિતા પંચાલે ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે, દિપક અને અંજના અવારનવાર તેના ઘરે આવતા હતા અને અપશબ્દો બોલતા હતા તથા પરિવારના સભ્યોને પણ ધમકાવતા હતા. એટલું જ નહીં ગુંડાઓને ઘર સોંપી દેવાની પણ ધમકી આપી હતી. આખરે શુક્રવારે તેઓએ આઈપીસીની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

ગીરમાં બદલતા મોસમના મિજાજના કારણે કેસર કેરીના પકવતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે

ગીર સોમનાથ,તા.૧૨

ગીર સોમનાથ જીલ્લો કે, જે ગીરની પ્રખ્યાત કેસર કેરી માટે જાણીતો છે. ગીરની પ્રખ્યાત કેરીની ખુશ્બૂ દેશ વિદેશમાં વખણાય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ગીરમાં બદલતા મોસમના મિજાજના કારણે કેસર કેરીના પકવતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.આગોતરા આવેલા ફલાવરિંગમાં ખાખડી થઈ હતી અને હવે જ્યારે રાત્રે ઝાકળ અને દિવસે તપતા તાપના કારણે ખાખડી ખરવા લાગી છે. ઈજારદાર પોતાના બગીચાઓમાં મજૂર રાખી ખાખડી વિનાવી બજારમાં તો લઈ જાય છે પરંતુ ત્યાં તેઓને યોગ્ય ભાવ મળતા નથી અને મજૂરનું મહેનતાણું પણ માથે પડે છે.

શરૂઆતના સમયમાં આંબાના ઝાડ પર મોટા પ્રમાણમાં ફલાવરિંગ થતાં ઈજારદારને હતું કે, ચાલુ વર્ષે અઢળક કેરીનું ઉત્પાદન થશે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી મિશ્ર ઋતુના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

એક તરફ મિશ્ર ઋતુના કારણે ઈજારદાર ચિંતામાં મુકાયા છે, અને મજૂરોનું મહેનતાણું પણ નીકળતું નથી. તો બીજી તરફ બગીચા માલિકો પણ ચિંતિત જોવા મળી રહ્યા છે. કારણે જો આજ પરિસ્થતિ રહી તો કેસર કેરી ના ઉત્પાદન માં ઘટાડો જોવા મળી શકે છે. બીજી તરફ બગીચામાં ખાખડી પડી રહેવા દે તો કેસર કેરીના પાક જંતુ પડી શકે છે. બદલાતા મોસમના કારણે અત્યારે કેસર કેરીના ખેડૂતો માટે ચિંતાનો વિષય છે, કારણ કે, પ્રથમ તો આંબામાં સારો એવો ફાલ આવ્યો હતો પરંતુ પછી મિશ્ર ઋતુના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડશે.

હાજરી ઘટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રતિનિધિઓએ પણ સતત રાઉન્ડ લઈ પારદર્શકતા જળવાઈ રહે તે માટે નિરિક્ષણ કર્યુ હતુ. નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપની પરીક્ષામાં મેરીટમાં સ્થાન મેળવવા માટે વિદ્યાર્થીઓ ઉત્સુક જોવા મળ્યા હતા. ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ડો બી એન પ્રજાપતિના જણાંવ્યા મુજબ ધો -૮ ના વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં મેરીટમાં સ્થાન મેળવે તો કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિવર્ષ રૂ ૧૨ હજાર સ્કોલરશીપ આપવામાં આવે છે. ધો -૧૨ સુધીમાં વિદ્યાર્થીઓને અંદાજિત રૂ ૪૮ હજાર સ્કોલરશીપ પેટે ચુકવવામાં આવે છે.

નવીન લકઝરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર્યાવરણના જતનની સાથે સાથે નાગરિકોની યાતાયાત સુવિધાઓમાં વધારો થાય તે આશયથી રાજ્ય સરકાર દ્વારા ત્રણ નવી LNG બસ નાગરિકોની સેવાઓમાં ઉપલબ્ધ બનાવવાનો નિર્ણય કર્યો છે. નિગમ દ્વારા ત્રણ ડિઝલ બસને ન્દ્રય બસમાં કન્વર્ટ કરવામાં આવી છે. જેના પરિણામે પ્રદૂષણમાં ઘટાડો થશે અને પર્યાવરણનું જતન થશે.

સાઈન બોર્ડ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ પણ વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી હતી પરંતુ સે-૧૯ અને સે-૨૦ તરફ જતા માર્ગો પર ટ્રીમીંગ કરીને કામગીરી આટોપી લેવાતા સેકટરોમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ રાહદારીઓ માટે અવરોધરૂપ બની છે. શહેરના ગ માર્ગ પર પણ માર્ગ વાઈડનીંગની કામગીરીના અંતે વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ નથી જેના લીધે વૃક્ષોની તોતિંગ ડાળીઓ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. વનતંત્ર દ્વારા ટ્રીમીંગના મામલે યોગ્ય સર્વે હાથ ધરી સેકટરોમાં વૃક્ષોના નડતરરૂપ ડાળાઓ દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.

રાષ્ટ્રને સમર્પિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ખંડ લાગૂ થવાથી દિલ્હીથી જયપુરની યાત્રાનો સમય પાંચ કલાકથી ઘટીને લગભગ સાડા ત્રણ કલાક રહી જશે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસવે હશે, જેની કુલ લંબાઈ ૧,૩૮૬ કિ.મી. તેના નિર્માણ સાથે, દિલ્હી અને મુંબઈ વચ્ચેની મુસાફરીનું અંતર ૧૨ ટકા ઓછું થઈ જશે. મુસાફરીના સમયમાં પણ ૫૦ ટકાનો ઘટાડો થશે. પહેલા જ્યાં મુસાફરીમાં ૨૪ કલાકનો સમય લાગતો હતો, હવે ૧૨ કલાકનો સમય લાગશે. આ એક્સપ્રેસ વે છ રાજ્યો - દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પસાર થશે અને કોટા, ઈન્દોર, જયપુર, ભોપાલ, વડોદરા અને સુરત જેવા મોટા શહેરોને જોડશે.

ગડકરીએ કહ્યું કે, અમે એક્સપ્રેસ વેમાં દરેક હાઈટેક ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો છે અને અમે આત્મનિર્ભર ભારત બનાવવાના સપનાને સાકાર કરવા માટે રોડ મેનેજમેન્ટને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છીએ. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે હું હજારો અધિકારીઓ, એન્જિનિયરો અને કારીગરોનો આભાર માનું છું જેમણે આ એક્સપ્રેસ વે બનાવવા માટે સખત મહેનત કરી છે.

પ્રથમ ભાગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમગ્ર પ્રોજેક્ટની વાત કરીએ તો ૧,૩૮૬ કિલોમીટર લાંબો એક્સપ્રેસ વે રૂ. ૯૮,૦૦૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે.

એક્સપ્રેસ વેની વિશેષતા : દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે હશે. એક્સપ્રેસ વે 93 PM ગતિ શક્તિ ટર્મિનલ, ૧૩ બંદરો, આઠ મોટા એરપોર્ટ અને આઠ મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (MMLP) તેમજ આગામી ગ્રીનફિલ્ડ એરપોર્ટ જેવા કે જેવર એરપોર્ટ, નવી મુંબઈ એરપોર્ટ અને જવાહરલાલ નેહરુ પોર્ટને પણ જોડશે. આ રીતે તે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને મુંબઈ વચ્ચે કનેક્ટિવિટી વધારશે.દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર એમ છ રાજ્યોમાંથી પસાર થતો આ એક્સપ્રેસ વે જયપુર, કિશનગઢ, અજમેર, કોટા, ચિત્તોડગઢ, ઉદયપુર, ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર, અમદાવાદ જેવા આર્થિક કેન્દ્રોમાંથી પસાર થશે. એટલું જ નહીં વડોદરા, સુરત. કેન્દ્રો સાથે જોડાણમાં પણ આ કારણે સુધારો કરશે.

પ્રાણીઓ માટે ખાસ વ્યવસ્થા : એક્સપ્રેસ વેમાં બે મોટી ૮-લેન ટનલનો પણ સમાવેશ થશે. આ એક્સપ્રેસ વે એશિયામાં પહેલો અને વિશ્વનો બીજો એવો છે કે જ્યાં વન્યજીવોની અવિરત હિલચાલની સુવિધા માટે એનિમલ બ્રિજ (અંડરપાસ) છે. તેમાં ૩ વન્યજીવ અને ૫ એર બ્રિજ (ઓવરપાસ) હશે જેની કુલ લંબાઈ ૭ કિમી હશે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે વિવિધ જંગલો, સૂકી જમીન, પર્વતો, નદીઓ જેવા વિવિધ પ્રદેશોમાંથી પસાર થાય છે. વધુ વરસાદ જેવી સ્થિતિ માટે વડોદરા-મુંબઈ વિભાગ માટે પેવમેન્ટ ડિઝાઈન અપનાવવામાં આવી છે.

મારો વિસ્તાર

● અનુસંધાન બીજાનુ ચાલુ

અન્ય એક યુવા અગ્રણી રાજદિપસિંહ બિહોલાના જણાવ્યાં અનુસાર "ગામમાં સેન્ટ્રલ બેંક પાસે અને શાલીન-૫ ફ્લેટ સામે ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. ગામમાં નવી પાઈપલાઈન માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા વગર રોડ ખોદી નંખાયા છે અને જ્યાં કામ પત્યું છે ત્યાં માટી પુરાણ યોગ્ય રીતે નથી કરાયું. ગુડાએ બનાવેલું સ્વામી વિવેકાનંદ શોપિંગ સેન્ટર શરૂ થયું જ નહીં અને હવે તેમાં રીનોવેશનની રમત રમાઈ રહી હોય તેવું જણાઈ રહ્યું છે. ગામમાં અનેક સ્થળે રખડતાં ઢોર અને સ્ટ્રીટ લાઈટની સમસ્યા સતાવી રહી છે."

ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડાની પાણીની ટાંકીની બાજુમાં નવા બનેલા સીસી રોડ પર જોવા મળી રહી છે. આ વિસ્તારમાં નવી અસંખ્ય રહેણાંક સ્કિમો વિકસી રહી છે પરંતુ મોટા ભાગના પ્રોજેક્ટ્સના ડેવલોપર્સ નિયત ધારાધોરણોનું પાલન કરવા બાબતે બેદરકારી દાખવવામાં પાછા પડતાં નથી અને પોતાના ફાયદા માટે જાહેર સુવિધાઓને નુકસાન પંહોચાડતા અચકાતાં પણ નથી. એટલે સુધી કે ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડાની પાણીની ટાંકીની બાજુમાં નવા બનેલા સીસી રોડ પર વિકસી રહેલી એક રહેણાંક કમ કોમર્શિયલ સ્કિમના બિલ્ડર દ્વારા તો તાજેતરમાં જ નવનિર્માણ પામેલાં સીસી રોડ પર જ વેલ્ડીંગ-કટીંગનું કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે જેના કારણે નવા બનેલા રોડને નુકસાન પંહોચી રહ્યું છે. નવનિર્મિત રોડની થઈ રહેલી દુર્દશાને કારણે આ વિસ્તારના જાગૃત નાગરિકોમાં ચિંતાની લાગણી પ્રસરવા પામી છે. સત્વરે નવા સીસી રોડનો આ રીતે થઈ રહેલો દુરુપયોગ અટકાવાય તેવી આ વિસ્તારની જનતામાં લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે.

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com